અનુ.જાતિ અને અનુ.જનજાતિની એમ.ડી. અથવા
એમ.એસ. (પોસ્ટ ગ્રેજ્યુએટ) ડૉક્ટરોને સર્જીકલ/
કન્સલ્ટીંગ પ્રેક્ટીશ અને સર્જીકલ નર્સિંગ હોમ/
ક્લીનીક શરૂ કરવા માટે નાણાકીય સહાય
આપવા બાબત.

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૭૯/૨૭૫૨૭/(૧૯૦૬)૮૨/જ.
સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૨૪-૧૧-૧૯૮૨.

ઠરાવ :-

અનુ.જાતિ અને અનુ.જનજાતિના મેડીકલ ડીગ્રી ધરાવતા વિદ્યાર્થીઓને ડૉક્ટરના વ્યવસાયના સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે રૂા. ૭૦૦૦/- સહાય અને રૂા. ૮૦૦૦/- વ્યાજ મુક્ત લોન આપવાની યોજના સરકારશ્રીએ અમલમા મુકેલી છે. તેવી જ રીતે અનુ.જાતિ અને અનુ.જનજાતિના એમ.એસ. અથવા એમ.ડી. (પોસ્ટ ગ્રેજ્યુએટ) થયેલ ડૉક્ટરોને સર્જીકલ/કન્સલ્ટીંગ પ્રેક્ટીશ અને પોતાનુ સર્જીકલ નર્સિંગ હોમ/ક્લીનીક શરૂ કરવા માટે બેન્કો અથવા રાજ્યની અન્ય નાણાકીય સંસ્થાઓ પાસેથી જરૂરી નાણા મેળવી શકે તે માટે માર્જીન મની તરીકે નાણાકીય સહાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ નીચે જણાવ્યા મુજબની યોજના અમલમા મુકવાનુ ઠરાવ્યુ છે.

યોજનાની વિગત :-

અનુ.જાતિ અને જનજાતિના એમ.ડી. અથવા એમ.એસ થયેલા ડૉક્ટરોને સર્જીકલ/કન્સલ્ટીંગ પ્રેક્ટીસ અને સર્જીકલ નર્સિંગ હોમ/ક્લીનીક શરૂ કરવા માટે બેન્કો અથવા અન્ય નાણાકીય સંસ્થાઓ પાસેથી નાણા મેળવી શકે તે માટે ૨૦% લેખે માર્જીન મની સરકાર તરફથી આપવામા આવશે. વધુમા વધુ રૂા. ૧:૫૦ લાખની નાણાકીય મર્યાદા તેમા માર્જીન મનીની સહાય આપવામા આવશે. લાભાર્થીને ૨૦%ના દરે રૂા. ૩૦૦૦૦/-ની મર્યાદામા માર્જીન મની રાજ્ય સરકાર તરફથી મળશે, જેમા રૂા. ૭૫૦૦/- સહાય અને બાકીની રકમ ૪%ના વ્યાજના દરે લોન પેટે આપવામા આવશે. માર્જીન મનીની રકમ રૂા. ૩૦૦૦૦/- કરતા ઓછી આપવાની રહેતી હોય તો પણ સહાયની રકમ રૂા. ૭૫૦૦/- યથાવત રહેશે.

...૨...

બાકીની રકમ ૪૪ વ્યાજના દરે લોન પેટે લાભાર્થી મેળવી શકશે. આ યોજનામા કલોનોકના મકાન બાંધકામનો સમાવેશ કરવામા આવતો નથી. પરતુ નર્સિંગ હોમ/ક કરવા સબધમા ઉપયોગમા લેવાનાર વસ્ત્ર-સાધન સામગ્રી અને આવી આનુસગિક બાબતો મા ખર્ચ માટે જ આ રકમ વાપરવામા રહેશે.

આ રીતે આપવામા આવનાર માર્જીન મની સામે લાભાર્થીએ બેન્ક અથવા રાજયની અન્ય નાણાકીય સસ્થા પાસેથી લોન મેળવવાની રહેશે. માર્જીન મનીની ચુકવણી લાભાર્થીએ બેન્ક અથવા અન્ય નાણાકીય સસ્થા પાસેથી લેવાયો લોન મજુર થયાના હુકમ થાય પછી કરવામા આવશે.

લોન સરપાઈ કરવાની શરતો :-

લાભાર્થીએ બેન્ક અથવા અન્ય નાણાકીય સસ્થા પાસેથી લીધેલ લોન તેના પરના વ્યાજ સહિતના હપ્તા પુરા થાય તે પછી અથવા તો આઠ વર્ષ પછી એ બેમાથી જે વહેલુ હોય ત્યારથી સરકારશ્રી દ્વારા આપવામા આવેલ લોન અને ભેગુ થયેલ વ્યાજ વસુલ કરવાનું શરૂ કરવામા આવશે. આ લોન અને ભેગુ થયેલ વ્યાજનો રકમ આર વર્ષનો ગાળામા સરખા માસીક હપ્તામા ભરપાઈ કરવાની રહેશે.

(૨) આ યોજનાનો અમલ નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, અમદાવાદ કરશે.

(૩) આ યોજનાનો શરતો અને બોલીઓ નીચે મુજબ રહેશે.

૧. આ યોજનાના લાભ ફકત અનુ.જાતિ અને જનજાતિના એમ.ડી. અને એમ.એસ. થયેલા ડોકટરોને આપવામા આવશે.

૨. આ યોજના હેઠળ લાભ લેવા ઈચ્છતા અરજદારે પરિશિષ્ટ 'ક'મા જણાવેલ નિયત અરજી પત્રકમા નિયામકશ્રી, સમાજ કલ્યાણને અરજી કરવાની રહેશે.

૩. સરકાર તરફથી આપવામા આવેલ માર્જીન મની માટેનો લોન સહાય જે હેતુ માટે આપવામા આવે તે હેતુ માટે ઉપયોગ કરવાની રહેશે. જો કોઈ બીજો હેતુ માટે ઉપયોગ કરશે તો લોન સહાયનો અપાયેલ તમામ રકમ ચુકવ્યાની તારીખથી એકી સાથે દંડનીય વ્યાજ સહિત વસુલ કરવામા આવશે અને જરૂર પડયે મહેસુલી રાહે પણ વસુલ કરવામા આવશે.

૪. મજુર કરેલ લોન અરજદારે બેન્ક અથવા અન્ય નાણાકીય સસ્થા પાસેથી લીધેલ લોન તેના પરનો વ્યાજ સહિતના હપ્તા પુરા થાય તે ગે અથવા તો આઠ વર્ષ પછી એ બેમાથી જે વહેલુ હોય ત્યારથી લોન અને ભેગુ થયેલ વ્યાજ સરખા માસીક હપ્તાઓમા આર વર્ષના ગાળામા વસુલ કરવામા આવશે. લેણી બાકી રકમ નિયત સમય કરતા વહેલી ભરપાઈ કરવા માટે કરજદારને છુટ રહેશે.

...3...

૫. સરજદારને મંજુર કરવામા આવેલ લોન નિયત સમયમા સરપાઇ કરવામા કસુર થશે
તો ચડતર હપ્તાઓ થી ને રકમ લોન હપ્તાનુ વ્યાજ લેવામા આવશે. - દંડનીય/
વ્યાજ સહિત હપ્તાની સદવામા થશે કસુર થશે તો મુડતર તેમજ બાકીની વસુલાત /
કરવાની રહેમ તથા [illegible] મહેસુલી રાહે વસુલ કરવામા આવશે.
લાભ મેળવવાપાત્ર રહેશે નહી.

૬. આ યોજના હેઠળ લોન સહાયનો રકમની ચુકવણી કરતા પહેલા નિયામકશ્રી, સમાજ
[illegible] અરજદાર પાસેથી ઉપર મુજબની શરતોના પરિપાલન માટે સ્વીકૃતિ
(વસુલાતના) લેવાનો રહેશે. અને અરજદાર તરફથી તેનુ યોગ્ય પાલન થાય તે
જોવાની જવાબદારી નિયામકશ્રી (સમાજ) ની રહેશે.

૭. આ ઠરાવ નીચે જણાવેલ બજેટ હેડ હેઠળ ઉધારવો.

૧. ૨૮૮૮-લોન્સ ફોર સોશ્યલ સીકયોરીટી એન્ડ વેલ્ફેર-સી-વેલ્ફેર ઓફ શેડયુલ્ડ કાસ્ટસ-શેડયુલ્ડ
ટ્રાઈબ્સ એન્ડ અધર બેકવર્ડ કલાસીસ-તબીબી સ્નાતકોને નાણાકીય સહાય. (બોસાકે-૪૦)

૨. ૨૮૮-સોશ્યલ સીકયોરીટી એન્ડ વેલ્ફેર-સી-વેલ્ફેર ઓફ શેડયુલ્ડ કાસ્ટ, શેડયુલ્ડ ટ્રાઈબ્સ
એન્ડ અધર બેકવર્ડ-કલાસીસ-બી-વેલ્ફેર ઓફ શેડયુલ્ડ કાસ્ટસ-વેલ્ફેર ઓફ શેડયુલ્ડ ટ્રાઈબ્સ-
તબીબી સ્નાતકોને નાણાકીય સહાય. (બોસાકે-૪૦)

આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.
૨૧-૧૦-૮૨ની સમતોલી બહાર પાડવામા આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
બાબુભાઈ સોલંકી,
ઉપસચિવ,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, અમદાવાદ.

ૐ

નં. સઙ/યોજના/૮૦૮/ક્રં૧
નિયામક, સમાજ કલ્યાણ ખાતું, ગુ.૨૧
અમદાવાદ. તા. ૪-૧૨-૧૯૮૨

નકલ સવિનય રવાના યોગ્ય કાર્યવાહી કરવા તથા જાણ સારુ:-

:૧: પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી, ... તરફ યોગ્ય કાર્વાહી અર્થે.

:૨: સમાજ કલ્યાણ અધિકારીશ્રી,પંચાયત ૮. રાજય બકો.....તરફ

:૩: વિચરતી જાતિ કલ્યાણ અધિકારીશ્રી, અમદાવાદ.

:૪: વડી કચેરીનો ..... શાખા તરફ જાણ તથા યોગ્ય થવા સારુ.

નિયામક,
સમાજ કલ્યાણ ખાતું,
ગુ. ૨૧. અમદાવાદ વતી